સફળતાની સીડી

(૧) ફેબ્રીકેશન (ઝાંપા, જાળી)

મારૂ નામ નારણભાઇ કાળુભાઇ પેંગાતર છે હું માનસરોવર રોડ, હરીપુરાના નાકે, મું.પો.તા. પાલનપુર, જી. બનાસકાઠાંમાં રહુ છું. હું પોતે પંચાલ મોહનભાઇ ધુળાભાઇને ત્યાં વેલ્ડીંગ કામ કરવા જતો હતો ત્યાં મને ૧૨-કલાક વેલ્ડીંગ કામમાં રૂા. ૧૭૦/- નું વેતન ચૂકવવામાં આવતું હતું. ત્યા મારૂ ખૂબ જ શોષણ થતું હતું મને જમવાનો સમય પણ મળતો ન હતો. ત્યારબાદ મેં ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, પાલનપુરમાં સીધા ધીરાણની યોજનામાં મારા અનુભવ પ્રમાણે ફેબ્રિકેશનના ધંધા માટે લોનની માંગણી કરી મને આ યોજના દ્વારા રૂા. ૧,૦૦,૦૦૦/- ની લોન મળી તેમાં થોડા પૈસા સગા-વ્હાલા જોડેથી ભેગા કરી ડ્રીલ મશીન તેમજ વેલ્ડીંગ મશીન અને જરૂરી મશીનરી વસાવી મારો ધંધો ચાલુ કર્યો. આ ધંધામાં મારૂ લાઇટ બીલ તેમજ કાચા મટીરીયલ્સના ખર્ચ કાઢતા રૂા. ૧૫,૦૦૦/- ની માસિક ચોખ્ખી આવક થાય છે. મારા કુટુંબનું ગુજરાન સારી રીતે ચાલે છે અને લોનના હપ્તા પણ નિયમિત રીતે ભરાય છે.



(૨) ટ્રેકટર ગેરેજ

મારૂ નામ પોપટભાઇ ભેમાભાઇ મકવાણા હું મું. આસેડા, વાલ્મીકીવાસ, તા. ડીસા, જી. બનાસકાઠાંમાં રહુ છું. હું પોતે નાના મજૂર તરીકે કામગીરી કરતો હતો. ત્યા મને ગેરેજની સફાઇ કરાવે તેમજ ચા-પાણી લેવા મોકલતા હતાં. થોડા સમય પછી હું આ ધંધામાં ધ્યાન લગાવતો થયો ત્યારબાદ મને રૂા. ૧૦૦/- નું પ્રતિદીન વેતન ચૂકવતાં હતાં. આખો દિવસ મારે ખૂબ પરિશ્રમ કરવો પડતો હતો. ત્યારબાદ મેં ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, પાલનપુરમાં સીધા ધીરાણની યોજના હેઠળ લોનની માંગણી કરી અને મારી રૂા. ૫૦,૦૦૦/- ની લોન મંજૂર થઇ મારા ટ્રેકટર ગેરેજના અનુભવથી મેં ડીસા મુકામે એક ગલ્લો ભાડે લઇને થોડા પૈસા ઉમેરીને મારો ધંધો ચાલુ કર્યો થોડા દિવસ તકલીફ પડી પરંતુ ધંધામાં ફાવટ આવતાં હું મહિને રૂા. ૧૨,૦૦૦/- ની ચોખ્ખી બચત કરૂ છું. આ આવકથી મારા બાળકોને ડીસા મુકમે પ્રાઇવેટ સ્કુલમાં શિક્ષણ અપાવું છું.



(૩) રોલીંગ શટર્સ બનાવવાનો વ્યવસાય

મારૂ નામ અમૃતભાઇ હીરાભાઇ મકવાણા છે. હું સરકારી વસાહત, બ્લોક નં. ૮, ઘર નં. ૧૨, મું.તા. પાલનપુર, જી. બનાસકાઠાંમાં રહુ છું. હું પોતે વિસનગરમાં એક કારખાનામાં વેલ્ડર તરીકે કામ કરતો હતો. તે સમયે મને પ્રતિ દિન રૂા. ૮૦/- વેતન મળતું હતું. મારી કામ કરવાની આવડતના કારણે તેનો ધંધો સારો ચાલવા લાગ્યો તેથી મારે વધારે સમય ત્યા રોકાવું પડતુ પરંતુ વેતન વધુ મળતુ ન હતું. મારા લાંબા અનુભવના કારણે હું આ ધંધામાં જાણકાર થઇ ગયો મેં ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમની સીધા ધીરાણની યોજના હેઠળ મારા અનુભવ પ્રમાણે રોલીંગ શટર્સ માટે રૂા. ૧,૦૦,૦૦૦/- ની લોની માંગણી કરી હતી. આ લોન મળ્યાપછી મેં મારો પોતાનો રોલીંગ શટર્સનો ધંધો ચાલુ કર્યો હાલ પાલનપુરમાં માત્ર એક જ રોલીંગ શટર્સ બનાવનારો હું એક જ કારીગર છું. મારી માંગ ખૂબ જ વધી ગઇ છે. મને તન્નુ મોટર્સવાળો પણ કામે રાખવા તૈયાર થઇ ગયો પરંતુ લોનના પૈસા તેમજ મારા ઘરના પૈસા ઉમેરીને મે બધીજ મશીનરી વસાવી દીધી. જેથી મારો આર્થિક અને સામાજીક વિકાસ આ ધીરાણના કારણે સારો થયો હાલ મારો દિકરો ડિપ્લોમાં મિકેનીકલમાં ભણે છે.



(૪) મંડપ ડેકોરેશન

મારૂ નામ વિક્રમભાઇ વિનોદભાઇ ચૌહાણ છે હું વિઠ્ઠલ નિવાસ સોસાયટી, ગોધરા, જી. પંચમહાલમાં રહુ છું. હું એક દવાખાનામાં કંમ્પાઉન્ડર તરીકે રૂા. ૧,૫૦૦/- ના માસિક પગારે કામ કરતો હતો. તે દરમ્યાન છાપામાં મેં ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમની જાહેરાત વાંચી જાહેરાત વાંચ્યાબાદ મેં ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ દ્વારા મળતા લાભ અંગેની જાણકારી મેળવી તેમજ ધીરાણનો લાભ લેવા માટે કચેરીની મુલાકાત લઇ ફોર્મ મેળવી પ્રયત્નો શરૂ કર્યા હું ધોરણ-૧૦ નાપાસ હોવાથી મને આગળ કોઇ સારી નોકરીની શકયતા ન લાગી જેથી મે ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમના મેળવેલ ફોર્મમાં મંડપ ડેકોરેશનના ધંધા માટે અરજી કરી તેમજ જરૂરી કાગળો રજૂ કર્યા અને મારી રૂા. ૨.૦૦ લાખની લોન મંજૂર થઇ ત્યારબાદ મેં ભાડેથી ગોડાઉન રાખી મંડપ ડેકોરેશનનો ધંધો શરૂ કર્યો હતો. ધીરેધીરે મારો આર્થિક વિકાસ થતો ગયો અને મારા પિતાજી રીટાયર્ડ થયા જેથી પિતાજીની મદદ તેમજ ધંધાની આવકથી મારૂ ભાડા લીધેલ ગોડાઉન મેં ખરીદી લીધુ તેમજ ફરાસખાનાને લગતી જરૂરી સામગ્રી પણ મેં ખરીદી લીધી છે. મારા બાળકો પણ પ્રાઇવેટ સ્કુલમાં અભ્યાસ કરે છે. આમ ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમની લોન મળ્યાબાદ મારા જીવન ધોરણમાં સુધારો થયો છે.

